R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-25 • ISSUE: 03 DATE: 16-01-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



## તામીલનાડુમાં જલીકટ્ટુ સાંઢને કાબુ કરવાની રમત પર સુપ્રીમે પ્રતિબંધ ફરમાવ્યો

તામિલનાડુમાં પોંગલ ઉત્સવ દરમિયાન સાંઢને કાબુ કરવા માટે યોજાતા વિશેષ ખેલ અને ઉત્સવ જલ્લિકટ્ટુ પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ ફરમાવ્યો હતો.ઐતિહાસિક જાહેરાત કરવા દરમિયાન સુપ્રીમે કેન્દ્ર સરકાર ઉપરાંત તામિલનાડુ અને દેશમાં જ્યાં પણ આ ખેલ ખેલાય છે તે તમામ રાજ્યોને નોટીસ પાઠવી હતી.કેન્દ્ર સરકાર દ્વારા ૮ જાન્યુઆરીએ નોટિફિકેશન જારી કરીને જલ્લિકટ્ટુનું આયોજન કરવા માટેની પરવાનગી અપાઈ હતી.

તામિલનાડુંમાં જલ્લિકટ્ટુ પર પ્રતિબંધ મુકવામાં આવેલ હતો. થોડા સમય પહેલાં તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ વડાપ્રધાન મોદીને પત્ર લખીને વિનંતિ કરી હતી કે જલ્લિકટ્ટુ પરનો પ્રતિબંધ હટાવી દેવામાં આવે.મોદી સરકાર દ્વારા આ માટે એક નોટીફીકેશન જારી કરીને જલ્લીકટ્ટુ પરનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો હતો.

મોદી સરકાર દ્વારા જારી કરવામાં આવેલ નોટીફીકેશનમાં આ રમતને મંજુરી આપવામાં આવી હતી.તેમાં જણાવાયું હતું કે જલ્લીકટ્ટુ મહારાષ્ટ્ર,કર્ણાટક,પંજાબ,હરિયાણા, કેરળ અને ગુજરાતમાં જ્યાં જ્યાં પણ આ બુલ રેસ થાય છે તેને મંજુરી આપવામાં આવે છે.જો કે તેમાં તાકીદ કરાઈ હતી કે આ રમત દરમિયાન બળદ કે સાંઢને કોઈપણ પ્રકારની ઈજા ના થવી જોઈએ અને તેની સુરક્ષાની પુરતી તકેદારી રખાવી જોઈએ. તેને ઈજા કે બિમારી આવે નહી તેનું ધ્યાન રાખવામાં આવે.જલ્લિકટ્ટુમાં ૧૫ મીટરના દાયરામાં જ સાંઢને કાબુમાં કરવામાં આવે.તે ઉપરાંત બળદ રેસ માટે વિશેષ ટ્રેક બનાવવામાં આવે જે બે કી.મી.થી લાંબો ન હોવો જોઈએ. પરંતુ આ નોટીફીકેશન ઉપર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ ફરમાવ્યો છે.તેથી તામિલનાડુમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે ઠેર ઠેર વિરોધ પણ થયો છે.

જલ્લીકટ્ટુ જેવી વિશ્વમાં અનેક જગ્યાઓ પર સાંઢ કે આખલાઓને વશમાં કરવા માટેની ખતરનાક રમતો જોવા મળે છે. અને તેમાં આખલાઓ સાથેની રમત કેટલી બધી નિર્દય પણ હોય છે.જો કે જલ્લીકટ્ટુ સાંઢને વશ કરવાની એક રમત છે અને તેનો વિરોધ જીવ દયા કે જાનવરો પર થતા અત્યાચારો અટકાવવા પ્રયત્ન કરનાર સંગઠને કરેલ છે. અને તેનો પ્રતિસાદ સુપ્રીમ કોર્ટે આપેલ છે.

## મંદિરમાં મહિલાઓના પ્રવેશ સામે કોઇપણ મનાઇ હોઇ શકે નહી : સુપ્રીમ કોર્ટ

મહિલાઓને મંદિરમાં પ્રવેશતા કોઈ અટકાવી શકે નહી તેવું સુપ્રીમ કોર્ટ તેના નીરીક્ષણમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું. કેરળમાં આવેલા ઐતિહાસિક સબરીમાલા મંદિરમાં માસિકધર્મમાં રહેલી છોકરીઓ અને મહિલાઓના પ્રવેશ પર લગાવવામાં આવેલા પ્રતિબંધને સુપ્રીમ કોર્ટે એક ઝટકો આપ્યો છે.દસ વર્ષ જુની જનહિતની અરજી પર સુનાવણી કરતાં કોર્ટે જણાવ્યું હતું કે મંદિર ટ્રસ્ટ મહિલાઓને મંદિરમાં પ્રવેશતાં અટકાવી શકે નહીં.આ તેમનો બંધારણીય અધિકાર છે.આ સાથે કોર્ટે ટ્રસ્ટ પાસેથી તેમના આ નિયમ અંગે જવાબ માંગ્યો હતો.

ન્યાયમુર્તિ દીપક મિશ્રા અને ન્યાયમુર્તિ એન.વી.રમણની ખંડપીઠે જણાવ્યું કે મંદિર ધર્મના આધાર સિવાય પ્રવેશ પર પ્રતિબંધ મુકી શકે નહીં જ્યાં સુધી તમને બંધારણીય અધિકાર ન મળેલો હોય ત્યાં સુધી તમે આમ કરી શકો નહી.અમે આ અંગે આઠ ફેબ્રુઆરીએ ધ્યાન કેન્દ્રીત કરીશું.ન્યાયાલયના વકીલોના સંગઠન યંગ લોયર્સ એસોસિયેશન દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિતની અરજી પર સુનાવણી કરતાં પોતાનું નિરિક્ષણ રજુ કર્યુ હતું.આ મંદિરની પરંપરા અનુસાર,છોકરીઓને તરુણાવસ્થામાં પ્રવેશ્યા બાદ મંદિરના પરિસરમાં પ્રવેશવાની મંજુરી નથી. જો કે રજોનિવૃત્તિ બાદ મહિલાઓ મંદિરમાં પ્રવેશી શકે છે.

## દેશના સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાન વિરુધ્ધ હુંકાર કર્યો બદલાનો સમય અને સ્થળ અમે નક્કી કરીશું

તાજેતરમાં પઠાણકોટ ખાતે થયેલા આતંકી હુમલા બાદ દેશના સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે હુંકાર કર્યો હતો કે જે વ્યક્તિ અથવા સંગઠન ભારતને પીડા આપશે તેને તેવીજ પીડા આપવામાં આવશે.આપણને પીડા આપનારને તેનો અનુભવ કરાવવો પડશે. બદલો લેવાનો સમય અને સ્થળ આપણે નક્કી કરીશું.સેના પ્રમુખ જનરલ દલબીરસિંહ સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ અને અન્ય લોકોને સંબોધન કરતાં સંરક્ષણ મંત્રીએ આવું કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે ઈતિહાસ સાક્ષી છે કે જે લોકો આપણને પીડા પહોચાડે છે તેમને પોતાને પીડા નથાય ત્યાં સુધી તેઓ અટકતા નથી.આ મારી અંગત માન્યતા છે તેને સરકારની માન્યતા સાથે જોડી શકાય નહી.તેમણે એમ પણ કહ્યું હતું કે હવે સમય પાકી ગયો છે કે આપણે આપણા જવાનોને એવું શીખવવું પડશે કે તમારે તમારી સામે રહેલા શત્રુઓ,દેશના શત્રુઓનો જીવ લેવાનો છે.તમારો જીવ આપવાનો નથી.બલિદાનનું સન્માન થયું જોઈએ પણ હવે બલિદાન આપવાનો નહી દેશના દુશ્મનોને પુરા કરવાનો સમય છે.

જો કે ભાજપના કેટલાક નેતાઓને ફિલ્મી ટાઈપના ડાયલોગ બોલવાની આદત પડી ગઈ છે.નક્કર કંઈ કરી શકતા નથી.કોગ્રેસી નેતા શકીલ અહેમદે સંરક્ષણ મંત્રીના નિવેદનની ટીકા કરતાં કહ્યું હતું કે અમે છેલ્લા કેટલાક સમયથી આવા નિવેદનો સાંભળતા આવ્યા છીએ, તેમણે કશું નવું જ કહ્યું નથી.મોદીના શાસનમાં અત્યાર સુધીમાં ૧૧૦૦ કરતાં વધુ વખત યુધ્ધવિરામનો ભંગ થયો છે અને ઘણા જવાનો શહીદ થયા છે.વાતોજ થાય છે પણ અમલ થતો નથી.

લોકસભાની ચુંટણીઓ દરમિયાન વડાપ્રધાને પાકિસ્તાન વિરુધ્ધ જે વાતો કહી હતી તેમાંનું આજે કશું ક્યાંય નજરે પડતું નથી.

## મહારાષ્ટ્રની નગરપંચાયતની ચુંટણીઓમાં ભાજપનો પરાજય

લોકસભાની ચુંટણીઓમાં ભાજપે લહેરાવેલી વિજય પતાકા બાદ તાજેતરમાં થયેલ ચુંટણીઓમાં ભાજપનો પરાજય થયો છે.દિલ્હી,બિહાર બાદ ગુજરાતમાં થયેલ ચુંટણીઓમાં ભાજપનો ગ્રાફ નીચે ઉતરી ગયો છે. મહારાષ્ટ્રની નગરપંચાયતોની ચુંટણીઓમાં કોગ્રેસ સૌથી વધુ બેઠકો મેળવી છે.જ્યારે ભાજપ છેલ્લા સ્થાને છે. બીજા સ્થાને એનસીપી, ત્રીજા સ્થાને શિવસેના અને ચોથા સ્થાને ભાજપ આવ્યું છે.વડાપ્રધાન મોદીની કરિશ્મા ધીમે ધીમે ઘટી રહી છે.ગામડાઓમાં તેમના વળતા પાણી થવા લાગ્યા છે.જેના પડધા આવનારી મુંબઈ નગરપાલિકાની ચુંટણીઓમાં પડી શકે છે.તેવી શંકાને કારણે ભાજપની નેતાગીરીને ફાળ પડી છે.હવે પ્રાદેશિક મતદારોને રીઝવવા માટે યેનકેન પ્રકારે પ્રયત્નો શરુ કરી દેવાયા છે.બે નગરપરિષદ અને ૧૭ નગર પંચાયતોની યોજાયેલી ચુંટણીમાં કોગ્રેસ સત્તાધારી ભાજપ પક્ષને આંચકો આપ્યો હતો. ૨૮૯ બેઠકોની થયેલી ચુંટણીમાં ૧૦૭ બેઠકો કોગ્રેસને ફાળે ગઈ છે.જ્યારે ભાજપને માત્ર ૨૪ બેઠકો મળી છે.મુંબઈ મહાનગરપાલિકાના વોર્ડ ૧૪૭ની પેટા ચુંટણીમાં શિવસેનાના ઉમેદવાર ચુંટાઈ આવ્યા છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

અમેરિકાએ પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં સુચના આપી કે પઠાણકોટમાં થયેલા આંતકી હુમલા તેની યોગ્ય તપાસ કરાવે અને પગલાં લે.સહુ કોઇ જાણે છે કે પાકિસ્તાને આતંકવાદને જન્મ આપ્યો, તેનું પોષણ પણ કર્યુ જો કે તેના પરિણામો ભારતે ભોગવ્યા સાથે સાથે પાકિસ્તાન પણ ભોગવી રહ્યું છે.જો કે દર વખતે ભારતમાં આતંકી વારદાતો થાય અને ભારત તે અંગે ઉહાપોહ કરે તેને લગતા પુરાવાઓ આપે પરંતુ તેઓ સહજ રીતે છટકી જાય છે.જો કે આ વખતે કોઇ બહાના બાજી ચાલી શકે તેમ નથી.પરંતુ આ તો પાકિસ્તાન છે તેણે સહુ પ્રથમ તેની પર લાગેલા આરોપો અને પુરાવાઓ અપુરતા અને ખોટા સાબિત કરવાની મથામણ કરી.આવી ઘટનાઓ બને ત્યારે સહજ બને કે બે દેશો વચ્ચે થતી શાંતિ વાર્તાઓ અટકી જાય. જો કે આવી શાંતિ વાર્તાઓ અનેક વર્ષોથી ચાલતી આવી છે અને તે કેટલી ફળદાયી અત્યાર સુધી નીવડી છે તે તો સરકાર અને ચર્ચા કરનારાઓ જ જાણે.હજુ સુધી દેશના નાગરિકોને આવી શાંતિ વાર્તાઓની શું ફલશ્રુતિ મળી તે ખબર નથી.માત્ર એટલું કહી શકાય કે પાકિસ્તાન તરફથી આવી વારદાતો થતી જાય અને તમારે બધું ભુલી જઇને ફરીથી પાછી શાંતિ વાર્તાઓ ચલાવે રાખવાની. ત્યાંથી આવે તેને આપણા વ્યજનો ખવડાવવા અને ત્યાં જઇ તેમના વ્યંજનો ચાખવા આ સિવાયની કોઇ પ્રગતિ દેખાતી નથી.દેશના કેટલાક નેતાઓ વારદાતો ઘટે ત્યારે ભાન ભુલીને બેફામ નિવેદનો ઝાટકી કાઢે,જાણે એવું લાગે કે લાગલા જ તેઓ ઉડી પાકિસ્તાન જઇને બદલો લઇ લેશે.પરંતુ એવું કશું થતું નથી. લોકસભાની ચુંટણીઓ વખતે બહુ ગરજેલા વડા પ્રધાને એકના બદલે દસ માથા લઇ આવવાની વાત કહી હતી. કદાચ જોર જોરમાં બોલાઇ ગયું હશે કારણકે વધુ પબ્લીક સભામાં એકઠી થાય એટલી ભાષણ કરનારાઓ બહુ જોરમાં આવી જાય અને જોરશોરની બડાશો હાંકી કાઢે.પરંતુ પાછળથી કંઇ થતું નથી. પઠાણકોટમાં શહીદ થયેલા આપણા ભારતીય સેનાના અમર શહીદોને અમારી સલામ.દેશને માટે આપેલ કુરબાની માટે ગર્વ છે.

અનુ. પાન નં ૪ નું ચાલુ

સામાજીક કાર્યકર્તાઓ, ધાર્મિક નેતાઓ માટે ભારતમાં રહેવું અને વિઝા મેળવવા મુશ્કેલ છે.તેમણે કહ્યું હતું કે હિંદુ નેશનલ પાર્ટી દેશમાં સત્તા પર છે ત્યારે આ પરિસ્થિતિ વિકટ બની છે.એશિયા ન્યુઝે તેના ડિસેમ્બરના રીપોર્ટમાં જણાવ્યુ છે કે આ સાધ્વી દ્વારા વિમલા ડરમેટોલોજીકલ સેન્ટર મુંબઇમાં ચલાવાતું હતું. જેમાં રક્તપિત્તના દર્દીઓને સારવાર,સર્જરી અને તેમના પુનઃવસની કામગીરી કરવામાં આવતી હતી.રીપોર્ટ પ્રમાણે ૧૯૭૬ ટેન થાઉઝન્ડ લોકોને મદદ પહોંચાડી છે. અને આજે આ હોમમાં ૮૦ દર્દીઓ સાથે ૭૫ બાળકો રહે છે.

સીસ્ટર રીસ્સી,કે જે સીસ્ટર સીપ્રા સાથ કામ કરી રહ્યા છે તેમણે કહ્યું કે ૨૦૧૦ સુધી તેણીનો વિઝા દર પાંચ વર્ષ માટે રીન્યુ કરવામાં આવતો હતો.પછીથી દર વર્ષે કરવામાં આવ્યો,પરંતુ આ વખતે ગત નવેમ્બરમાં તેમની વિઝા રિન્યુ કરવાની વિનતીને નકારી કાઢવામાં આવી.તેણીને ત્રણ મહિનાનો ટેમ્પરરી વિઝા આપવામાં આવ્યો કે જેમાં તેમણે તેમના ભવિષ્ય માટેની વ્યવસ્થા કરવાની રહે. ખ્રિસ્તીઓ તરફથી હિદુ કટ્ટરવાદી ઓ અને ભારત સરકારનો આ નિર્ણય સામે વિરોધ કરવામાં આવ્યો છે.

૨૦૧૬ની નવીન વર્ષની સંધ્યાએ કર્ણાટક રાજ્યમાં ૧૫ ખ્રિસ્તીઓની ધરપકડ કરવામાં આવી કારણ એ હતું કે તેઓ પ્રાર્થના કરવા પેરીસમાં એકઠા મળ્યા હતા.ત્યાં કેટલાક હિંદુ કટ્ટરવાદીઓ ઘસી આવ્યા અને તેઓએ આ ખ્રિસ્તીઓને પ્રાર્થના કરતાં રોક્યા.સાજન કે જ્યોર્જ,પ્રેસિડેન્ટઓફ ધ ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન ક્રિશ્ચિયને જણાવ્યુ હતું કે ખ્રિસ્તી સમુદાયને હેરાન કરવામાં આવી રહ્યો છે અને હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા તેમની સતાવણી કરવામાં આવી રહી છે તેમાં સત્તાવાળાઓ તેમના ભાગીદાર બન્યા છે.હવે આ ખ્રિસ્તી નાગરિકોનું કોણ રક્ષણ કરશે.સત્ય એ છે કે ખ્રિસ્તીઓને દેશના બીજી કક્ષાના નાગરિકો સમજીને બિનસાંપ્રદાયિક દેશમાં વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.



## ખ્રિસ્તી લઘુમતી શિક્ષણસંસ્થાઓમાં તમામ ધર્મોનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવામાં આવશે : ચર્ચ

ભારત સરકારે હિંદુ ધર્મશાસ્ત્રોને શિક્ષણ સેલેબસમાં સામેલ કરતાં,ભારતના ચર્ચો દ્વારા ચલાવાતી શિક્ષણ સંસ્થાઓમાં તમામ ધર્મોના ધર્મ શાસ્ત્રોને ભણાવવાનું આયોજન કરાયું છે.કારણકે ભગવાકરણનો વિરોધ કરવા માટે આનાથી સારો બીજો વિકલ્પ શું હોઇ શકે ? ફાધર જ્ઞાનપ્રકાશ ટોપનો, પ્રવક્તા કેથોલીક બીશપ્સ કોન્ફરન્સ ઓફ ઇન્ડીયાએ જણાવ્યું હતું કે આ એક ઉત્તમ વ્યવસ્થા છે કે તમારા શિક્ષણના અભ્યાસક્રમમાં તમે તમામ ધર્મોના શાસ્ત્રોને ભણાવો.નહી કે કોઇ એક ધર્મના શાસ્ત્રને મહત્વ આપો.આપણે લોકશાહી દેશના નાગરિક છીએ તેથી કોઇપણ એક ધર્મને મહત્વ ના આપી શકીએ, સર્વધર્મ સમભાવ હોવો જરુરી છે.અને કોઇપણ એક ધર્મને ભણાવવો તે લોકશાહીના હિતમાં નથી.તેથી તમામ વિદ્યાર્થીઓ તમામ ધર્મોના ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરે અને તેનાથી દેશની એકતા મજબુત થાય,શાંતિ અને ભાઇચારો વધે.

ચર્ચે પોતાનો પ્રસ્તાવ સરકારને આપતાં આર્ચબિશપ લીઓ કોર્નીલીયો ઓફ ભોપાલે કહ્યું હતું કે બાળકોને આપણે તક આપવી જોઇએ કે તેઓ બાઇબલ,કુરાન, અને બીજા ધર્મોના ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરે.હરિયાણા સ્ટેટ જ્યાં ભારતીય જનતા પાર્ટી સત્તા ઉપર છે,અને દેશમાં પણ તેઓ ની પાર્ટી સત્તા પર છે ત્યો અને બીજે જ્યાં ભારતીય જનતા પાર્ટી શાશનમાં છે ત્યાં તેઓએ જાહેર કર્યું છે કે આવતા નવા વર્ષના અભ્યાસક્રમમાં તેઓ સરકારી સ્કુલોમાં હિંદુ ધર્મશાસ્ત્ર ભગવત ગીતા પાંચમાં ધોરણથી ૧૨માં ધોરણ સુધી મેન્ડેટરી રીતે ભણાવશે.જયારે રાજસ્થાનમાં જ્યાં ભારતીય જનતા પાર્ટી સત્તા સંભાળે છે તેના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ એવી ખાત્રી આપી છે કે તેઓ હિંદુ ધર્મશાસ્ત્ર અને તેને લગતાં બીજા પુસ્તકોની ૧૩૫૦૦ પ્રત સરકારી સ્કુલોને પુરી પાડશે.જો કે તેમની આ ખાત્રી સામે અનેક વિરોધો થશે પરંતુ સરકાર તેમના નિર્ણયમાં પાછી નહી ફરે તેવું જણાવાયું છે.આમ શિક્ષણનું ભગવાકરણ કરવાનું પાર્ટી દ્વારા ચાલુ કરી દેવાયું છે.બિનસાંપ્રદાયિક દેશમાં આ રીતે લોકશાહી વ્યવસ્થાને ધરમુળમાંથી ફેરવી નાંખવાનો પ્રયત્ન દેશની લોકશાહીનું વસ્ત્રાહરણ છે.




વોચડોગ ગ્રુપ તરફથી ભારતમાં ૫૦ થી વધુ ગામડાઓમાં વસતા સેકડો ખ્રિસ્તી લોકોને તેમની આસ્થા અને વિશ્વાસ પાળવા દેવામાં આવતો નથી અને તેમને હિંદુ ધર્મમાં ધર્મ પરિવર્તન કરવા જબરજસ્તી કરવામાં આવી રહી છે તે અટકાવવા અને ખ્રિસ્તી ધર્મ પાળવા રક્ષણ આપવા એ બાબતની પીટીશન કરવામાં આવી છે.આજે આપણે આપણો અવાજ ભારતના ભાઇઓ અને બહેનો જેઓ ખ્રિસ્તી વિશ્વાસ ધરાવે છે. તેઓ વડાપ્રધાન ને ખાસ કરીને જણાવવા માંગીએ છીએ કે ખ્રિસ્તી ધર્મ પરનો પ્રતિબંધ હટાવી લે.અમો એવા સમાજની માંગણી કરીએ છીએ કે જ્યાં સહનશીલતા અને ધાર્મિક સ્વાતંત્રતા હોય.કોઇપણ વ્યક્તિને તેનો ધર્મ પાળવામાં રોકવામાં ના આવે.તેથી પીટીશનમાં સહી કરો.ઇન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સન તેના એક સ્ટેટમેન્ટમાં કહ્યુ હતું.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# પઠાણકોટમાં થયેલ આતંકી હુમલામાં યુનાઇટેડ જિહાદ કાઉન્સિલે જવાબદારી સ્વીકારી

પંજાબના પઠાણકોટમાં આવેલ એરબેઝ પર આતંકી હુમલો થયો,પરંતુ હજી સુધી સરકાર શોધી શકી નથી કે કેટલા આતંકીઓ ઘુસી આવ્યા છે અને કેટલા ઠાર મરાયા છે.હજુ સુધી એરબેઝને સુરક્ષિત કરી શકાયું કે કેમ તેની ખબર પડી નથી.આતંકીઓને શોધવાની કસરત હજુ ચાલુ છે.આ હુમલામાં આતંકીઓ કરતાં પણ વધુ લશ્કરી દળોના જવાનો અને ઓફીસરો શહીદ થયા છે.દેશની જનતાને હજુ સુધી આ મામલે સરકાર પુરી માહીતી પુરી પાડી શકી નથી.કેન્દ્ર સરકારના નેતાઓ આ મામલે ફીફા ખાંડી રહ્યા છે.કેન્દ્રીન નાણાં મંત્રીએ જણાવ્યુ હતું કે પઠાણકોટના એરબેઝ પર હુમલો કરનારા આતંકીઓને ઠાર મારવાનું નહીં પણ તેમને જીવતા પકડવાનું નક્કી કરવામાં આવ્યું હતું.જો કે તેમના આ નિવેદનથી સંતોષ થાય તેમ નથી.આંતકીઓને જીવતા પકડવા માટે આટલા બધા સૈનિકો અને અધિકારીઓના જાન ગુમાવવા પડે તેવો નિર્ણય કરનાર નેતાઓ માટે શું કહી શકાય.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હવે રાષ્ટ્રીય ખ્રિસ્તી સંઘ શરુ કરશે

રાષ્ટ્રીય સંઘે એક દાયકા પહેલાં જેમ પોતાના મુસ્લીમ સંઘની સ્થાપના કરી હતી તેમ આ વખતે ખ્રિસ્તીઓની નજીક જવા નવું સંગઠન બનાવવાની જાહેરાત કરી છે.એવું મનાઇ રહ્યું છે કે આ સંગઠનને રાષ્ટ્રીય ખ્રિસ્તી સંઘનું નામ આપવામાં આવશે.સંઘના રાષ્ટ્રીય કાર્યકારીણીના સભ્ય ઇન્દ્રેશકુમારે જણાવ્યું છે કે ૧૭ ડિસેમ્બરે ૧૦ થી ૧૨ રાજ્યોના ૪-૫ આર્ચ બિશપ અને ૪૦-૫૦ રેવરેન્ડ બિશપ સાથે મુલાકાત કરવામાં આવી હતી.બીજી બાજુ રાજકીય જાણકારોનું માનવુ છે કે અસહિષ્ણુતાના મુદ્દાને ડામવા અને સરકારની છબી સુધારવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

જો કે સંઘ પોતાના છુપા એજન્ડાને પડતો મુકીને રાષ્ટ્રીય ખ્રિસ્તી સંઘને માન્યતા આપશે કે કેમ તે કળાયું નથી. પરંતુ રાજકીય સત્તા ટકાવી રાખવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સરકારની બગડેલી છબી સુધારવાનો આ એક પેંતરો પણ જાણકારો માની રહ્યા છે.

# હિમાચલ પ્રદેશ જિલ્લા પંચાયતની ચુંટણીઓમાં કોગ્રેસ સાત જિલ્લા સર કર્યા

હિમાચલ પ્રદેશમાં યોજાયેલી જિલ્લા પંચાયતની ચુંટણીમાં કોગ્રેસે મહાવિજય મેળવ્યો છે.વિકાસની વાતો કરતાં ભાજપને માત્ર ત્રણ જીલ્લાઓમાં સફળતા મળી છે.જ્યારે કોગ્રેસ સાત જિલ્લાઓમાં વિજય મેળવ્યો છે.હાલમાં યોજાયેલી ચુંટણીમાં બમ્પર મતદાન થયું હતું. તેની સરખામણીએ જિલ્લા પંચાયતની ચુંટણીમાં સામાન્ય મતદાન થયું હતું.પંચાયતોની ચુંટણીમાં બંને તબક્કામાં સરેરાશ ૮૦ ટકાથી વધારે મતદાન હતું. જ્યારે જિલ્લા પંચાયતોમાં ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું.આમ હવે દેશભરમાં જ્યાં જ્યાં ચુંટણીઓ થઇ રહી છે ત્યાં ભાજપની કસોટી થઇ રહી છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અણ્ણા હજારે ફરીથી આંદોલન કરવાના મુડમાં,પીએમ મોદીના અધુરા ચુંટણી વાયદા યાદ અપાવ્યા

સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારેએ વડાપ્રધાન મોદીને તેમના ચુંટણી વાયદાઓની યાદ અપાવતાં સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા.તેમણે આક્ષેપ કર્યો હતો કે ભ્રષ્ટાચારના મામલે યુપી-૨ અને મોદી સરકાર વચ્ચે દેખીતો કોઇ ફરક નથી.તેમણે વડાપ્રધાનને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે લોકપાલ અને લોકાયુક્ત લાગુ કરવા જરુરી છે.અને ખેડુતોની આત્મહત્યા અટકાવવા કૃષિ ઉત્પાદનોનું મુલ્ય યોગ્ય રીતે આપવું જરુરી છે.

તેમણે વડાપ્રધાનને યાદ દેવડાવ્યું હતું કે ચુંટણી પહેલા તેમણે વાયદો કર્યો હતો કે તેઓ દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરશે પરંતુ ભ્રષ્ટાચાર હજુ સુધી ખતમ થયો નથી. મોંઘવારી ઘટી નથી.ભ્રષ્ટાચારના મામલે યુપીએ -૨ અને એનડીએમાં મને કોઇ દેખીતો ફરક લાગતો નથી.તેમણે કહ્યુ હતું કે મોદીજીએ સરકાર બનવાના ૧૦૦ દિવસમાં વિદેશમાં રહેલું કાળુ નાણું દેશમાં પાછુ લાવવામાં આવશે અને દરેક ભારતીયોના ખાતામાં ૧૫ લાખ રુપીયા જમા કરાવવામા આવશે પરંતુ હજુ સુધી આ થઇ શક્યું નથી.૧૫ લાખ રુપીયા તો દુરની વાત ૧૫ રુપીયા પણ લોકોના ખાતામાં જમા થઇ શક્યા નથી.

હુ એક સાધારણ માણસ છું જેની સરકાર વિરુધ્ધ કોઇ શક્તિ નથી.હું વધારેમાં વધારે આંદોલન કરી શકું છું.આ તેમણે સરકાર વિરુધ્ધ આંદોલન છેડવાની ચેતવણી આપી છે.



# વ્હિસલ બ્લોઅર્સની થતી હત્યાઓને કારણે સુપ્રીમ કોર્ટે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરકારને આદેશ આપ્યો

સુપ્રીમ કોર્ટે વ્હિસલ બ્લોઅરની સુરક્ષા અંગે કેન્દ્ર સરકાર પાસેથી એક સપ્તાહમાં જવાબ માંગ્યો છે.સુપ્રીમ કોર્ટે સરકારને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે સરકાર વ્હિસલ બ્લોઅરની સુરક્ષા અંગે કાયદો બનાવવાની સમયમર્યાદા નક્કી કરે અને જ્યાં સુધી કોઇ કાયદો લાગુ ન થાય ત્યાં સુધી વ્હીસલ બ્લોઅરની સુરક્ષા માટે કોઇ વહીવટીતંત્રની રચના કરવામાં આવે.

મુખ્ય ન્યાયાધીશ ટી.એસ.ઠાકુરની અધ્યક્ષતાવાળી ખંડપીઠે સરકારને વ્હિસલ બ્લોઅસની સુરક્ષાનો નિર્દેશ બિનસરકારી સંગઠન પરિવર્તનની અરજી પર સુનાવણી બાદ આપ્યો હતો.પરિવર્તન સંગઠન ઘણા લાંબા સમયથી વ્હિસલ બ્લોઅરની સુરક્ષાનો મુદ્દો ઉઠાવી રહ્યું છે.સંગઠનની અરજી વર્ષ ૨૦૦૪થી સુપ્રીમ કોર્ટમાં પડતર છે.આ પહેલા સરકાર તરફથી રજુ થયેલા એર્ટની જનરલ મુકુલ રોહતગીએ કોર્ટને આ અરજીની સુનાવણી ત્રણ મહિના સુધી ટાળી દેવા આગ્રહ કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે આ અંગેનો ખરડો લોકસભામાં પસાર કરી દેવાયો છે.અને રાજયસભામાં પડતર છે. એર્ટોની જનરલે દલીલ કરી હતી કે ત્રણ મહિનાના સમયગાળામાં કાંતો વ્હિસલ બ્લોઅરનો કાયદો લાગુ થઇ જશે અથવા કોઇ વહીવટી માળખું તૈયાર કરી દેવામાં આવશે.

# દેશના દરેક ગામમાં રામમંદિર બનાવવાની વિશ્વ હિંદુ પરિષદની ઘોષણા

દિવસે દિવસે ભાજપની પ્રતિષ્ઠા ધોવાતી જઇ રહી છે. પરિણામે સંઘ પરિવાર દ્વારા હુકમના પાના ઉતરવાના શરુ કર્યા છે.એના ભાગ રુપે વિશ્વ હિંદુ પરિષદે દેશના દરેક ગામમાં મંદિર બનાવવાનો નિર્ણય કર્યો છે.વિશ્વ હિંદુ પરિષદના પ્રવક્તા શરદ શર્માએ જણાવ્યુ હતું કે સંગઠને દેશના દરેક ગામમાં ભગવાન રામના મંદિર બનાવવાનો નિર્ણય કર્યો છે.અત્રે નોધનીય છે કે રામમંદિર આંદોલન સાથે સંકળાયેલો અયોધ્યા વિવાદ કેસ સુપ્રીમ કોર્ટની વિચારણા હેઠળ છે. શરદ શર્માએ જણાવ્યું હતું કે ૧૫મી એપ્રિલથી રામનવમી શરુ થઇ રહી છે.અને તેજ દિવસથી વિશ્વ હિંદુ પરિષદ સાત દિવસીય રામ મહોત્સવ આયોજિત કરશે.આ દરમિયાન ભગવાન રામની દરેક ગામમાં પુજા કરવામાં આવશે.દેશના સવા લાખ ગામો સુધી આ મહોત્સવ દ્વારા પહોચવાનો પ્રયાસ કરવામાં આવશે.અમે રામ મહોત્સવ પહેલા પણ કરી ચુક્યા છીએ અને સંગઠન ૭૦ થી ૭૫ હજાર ગામો સુધી પહોચી શક્યું છે.મહોત્સવ દરમિયાન ભગવાન રામની મુર્તિની પુજા કરવામાં આવશે. ત્યારે બાદ મુર્તિ કે તસવીરની સ્થાપના કરવામાં આવશે.

એકબાજુ વીએચપી આવી જાહેરાત કરી રહ્યું છે અને બીજી બાજુ સ્વામી ભાજપના સાંસદ રામ મંદિરની અયોધ્યામાં બનાવવાની યોજનાની બાબતે ચર્ચા કરી રહ્યા છે.આમ બે બાજુથી સંઘ પરિવાર તેમનો એજન્ડાનો અમલ શરુ કરી રહ્યો છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨





**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ભાજપ તેની ઘટતી જતી લોકપ્રિયતાને કારણે રામમંદિર નિર્માણનો મુદ્દો ઉપસ્થિત કરી જનમત ફેરવવા પ્રયાસ કરી રહ્યો છે

જ્યારે જ્યારે જનમતની તરફેણ ભાજપ ઈચ્છે ત્યારે ત્યારે હિંદુત્વ અને રામ મંદિરના મુદ્દાઓ ઊભા કરીને તેને અંકે કરી લેવા પ્રયાસ કરે છે. તાજેતરમાં અયોધ્યા મંદિર બાબતે ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી જણાવ્યું હતું કે દેશમાં મુસ્લીમ શાસન હતું ત્યારે શાસકોએ ચાલીસ હજાર મંદિરો તોડીને મસ્જીદો બનાવી હતી.તેમાંથી અમને માત્ર ત્રણ મંદિરો આપી દો બાકીની ૩૯૯૯૭ મસ્જીદો તમે રાખો.અમે તમામ મુદ્દે સમજુતી કરવા તૈયાર છીએ.પણ અયોધ્યા,મથુરા અને કાશીવિશ્વનાથમંદિર મુદ્દે સમજુતી શક્ય નથી.જો કે આ તો રાજકારણની ભવ્ય રમત રમાતી આવી છે અને ભાજપના નેતાઓનો સંઘ પરિવાર બેખુબીથી ઉપયોગ કરે છે.વધુમાં પાછું તેમણે એવી વાત કરી કે દેશના મુસ્લીમો ખાસ કરીને શિયા મુસ્લીમોને મંદિર સામે વાંધો નથી.માત્ર કેટલાક તોફાની તત્વો હોબાળો કરી રહ્યા છે.જો કે જનતાને આ બાબતની ખબર પડી ગઈ છે કે હવે તેમની સાથે ફરીથી એક વાત આ મુદ્દે દગો થઈ રહ્યો છે.

જ્યારે એક ચેનલમાં યોજાયેલી ડિબેટ દરમિયાન ભાજપી નેતા સ્વામીએ જણાવ્યું હતું કે રામમંદિરના મુદ્દે કોર્ટે બહાર સમાધાન માટે તેઓ તૈયાર છે.સ્વામીનો આ મુદ્દો પોતાનો નથી કે તેઓ કોઈ સમાધાન કરી શકે.આ તેઓ કોઈની પર ગમે ત્યારે કેસ કરી શકે કારણકે તેમને કાયદાની આંટીઘુટીઓ બરાબર આવડે છે.જ્યારે કોર્ટમાં કોઈ બાબત પડી હોય ત્યારે તે બાબતે કોર્ટની બહાર કોઈ પણ નિવેદનો કરવા તે યોગ્ય નથી તેની જાણકારી તેમને જરુરથી હશે.સબજ્યુડીસ મેટરમાં શું હોવું જોઈએ કે શું ના હોવું જોઈએ તે બાબતે નિવેદનો થઈ શકે નહીં.પરંતુ આ બધા ઈશ્વરની અવતાર સમા છે તેઓ ગમે ત્યારે ગમે તે બોલી શકે છે.

જ્યારેએઆઈએમઆઈએમના વડા અસાદુદીન ઔવૈસીએ જણાવ્યુ હતું કે આટલી ઉતાવળ કરવાની જરુર શું છે.કોર્ટનો ચુકાદો આવવા દો,આ હિદુત્વવાદી સંગઠનોનુ ષડયંત્ર છે. અમે સુપ્રીમ કોર્ટના આદેશની રાહ જોઈ રહ્યા છીએ. રામમંદિર તેમની પ્રાથમિકતા હોય તો ભાજપ સરકાર સ્વીકારે કે આ બાબત તેમના એજન્ડાનો ભાગ છે.આ સરકાર ખરેખર ગવર્નન્સ જાણતી જ નથી.

# ૪૦ વર્ષોથી રક્તપિત્તના દર્દીઓની સેવા કરનાર સાધ્વીને દેશનિકાલનો આદેશ

ભારત સરકારે એક રોમન કેથોલીક સાધ્વી જેઓ ૪૦ વર્ષોથી રક્ત પિત્તના દર્દીઓની સેવા કરતાં હતા તેમને દેશનિકાલ કરવા માટેની નોટીસ આપી છે.યુસીએ ન્યુઝના રીપોર્ટ પ્રમાણે સીસ્ટર બીરટીલા કેપ્રા કે જેઓ મિશનરી ઓફ ઈમેકયુલેટ કોગ્રીગેશન સહુ પ્રથમ બારતમાં ૧૯૭૦માં આવ્યા હતા.અને છેલ્લા ચાલીસ વર્ષોથી તેઓ રક્તપિત્તથી પીડાતા દર્દીઓની મુંબઈ ખાતે સેવા કરતા હતા.તેણીએ ૨૦૧૦ સુધી તેમનો વિઝા દર પાંચ વર્ષે કરાવવો પડતો હતો. પરંતુ નવા કાયદા મુજબ તેમને દર વર્ષે તેમનો વિઝા રિન્યુ કરવો પડતો હતો.




તેમનો તાજેતરનો વિઝા નવેમ્બરમાં પુરો થયો હતો. અને તેણીને હવે તેનો વિઝા રિન્યુ નહી થાય તેવી જાણકારી આપવામાં આવી હતી.સીસ્ટર કેપ્રાને ડિસેમ્બરમાં દેશ છોડવા માટે કહેવામાં આવ્યુ હતું અને જો તેમાં કોઈ ફેરફાર ના થાય તો તે પ્રમાણે તેમણે દેશ છોડી દેવાનો હતો. જો હું વિઝા ના મેળવી શકું તો,મારી પાસે કોઈ બીજો રસ્તો નહોતો સિવાય કે દેશ છોડી દેવાનો, તેવું ૭૭ વર્ષીય ઈટાલીયન સાધ્વીએ કહ્યું હતું.હું મારા કામ સાથે અને જેમની મધ્યં હું કામ કરતી હતી તેમની સાથે એટલી આત્મીયતાથી બંધાઈ,તેમનાથી અલગ થવાનો રંજ ભારે હતો.હવે મારે બીજા કોઈ દેશમાં જવાની તક પણ નહોતી કે હું બીજુ કોઈ મિશન હાથ પર લઈ શકું.મારા માટે જવું લગભગ અશક્ય હતું.તેવું તેણીએ કહ્યું હતું.

ફાધર નાઈજીલ બેરેટ ,મુંબઈ આર્ચડાયોસીસે સુચવ્યું હતું કે તેઓ ભારતીય સત્તાવાળાઓ જાણી જોઈને ખ્રિસ્તી વિશ્વાસ સાથે કામ કરતાં લોકોને નિશાન બનાવે છે.આ કોઈને સીધી રીતે દેશનિકાલ નથી કરતાં પરતું બીજી કોઈ રીત અજમાવીને તેમનું નિશાન પાર પાડે છે.

પરસીક્યુશન વોચ ડોગ ગ્રુપ,જેમકે ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સને ધ્યાન દોર્યું છે કે ખ્રિસ્તી

અનુ પાન નં ૨ ઉપર

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**લગ્ન વિષયક**
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬

# પયંગબરના અપમાનના મુદ્દે માલદામાં ફાટી નિકળેલ હિંસાના મુદ્દે ભાજપી સાંસદો સત્ય જાણવા જતાં બંગાળની સરકારે અટકાવ્યા

હિંદુ મહાસભાના નેતા કમલેશ તિવારીના નિવેદનના વિરોધમાં ૩ જાન્યુઆરીના રોજ માલદાના કાલિયાચક્રમાં અંદાજે ૨.૫ લાખ લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ સ્ટેશનને આગ લગાડી હતી.મહંમદ પયંગબરના કથિત અપમાન બદલ સહુ પ્રથમ ભાજપે હિંદુ મહાસભાના નેતા કમલેશ તિવારી સામે પગલાં લેવા જોઈએ એ સત્ય ઉપર ઢાંકપિછોડો કરતાં ભાજપની નેતાગીરીએ પશ્ચિમ બંગાળમાં જ્યાં પોતાનો કક્કો ચાલતો નથી એના કારણે ત્યાંના મુખ્યમંત્રી મમતા બેનરજી ઉપર આરોપ કસવા માટે સત્યની જાણ માટે ભાજપે સાંસદોની એક કમિટિ બનાવીને કાલિયાચક્ર મોકલી.ભાજપના સાંસદ ભુપેન્દ્ર યાદવ,રામવિલાસ વેદાંતિ અને એસએસ અહલુવાલિયાને માદલા રેલ્વે સ્ટેશન પર જિલ્લા અધિકારીઓ દ્વારા અટાકવી દેવામાં આવ્યા.ત્યારબાદ ભાજપના નેતાઓની પ્રતિક્રિયા આવી કે આ પગલું નિંદનીય છે.આ પહેલા ભાજપની ૨૫ સભ્યોની ટીમને પણ અટકાવી દેવાઈ હતી.

યુપીના કેબિનેટ મંત્રી આઝમખાને સંઘ સબંધી આપત્તિજનક ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણી બાદ કમલેશ તિવારીએ મહંમદ પયંગબર વિશે પણ આપત્તિજનક ટિપ્પણી કરી હતી.પરિણામે ઠેરઠેર પ્રદશનો યોજવામાં આવ્યા હતા.અને તિવારીની ધરપકડ કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ ગ્લોબલ સમિટના સમાપનમાં જણાવ્યુ હતું કે માદલામાં થયેલી હિંસા કોમી રમખાણ નહોતું.ત્યાં જે થયું તે અલગ મુદ્દો હતો. બીએસએફ અને સ્થાનિક લોકો વચ્ચે ચાલી રહેલ વિરોધ હિંસક થઈ ગયો હતો.આ મુદ્દાને ખાલી રાજકીય સ્વરુપ આપવામા આવી રહ્યું છે.માલદાની ઘટનામાં સત્ય સાથે ચેડાં કરીને અફવા ફેલાવવામાં આવી રહી છે.જો ભાજપે મમતા બેનરજી પર વિવિધ આક્ષેપો લગાવ્યા હતા.મમતા વોટબેંકનું રાજકારણ રમી રહ્યા છે .માલદામાં થઈ રહેલ અફીણ ની ખેતીનો મુખ્યમંત્રી બચાવ કરી રહ્યા છે.દેશમાં ૮૦ ટકા નકલી નોટો માલદાથી આવે છે.વિગેરે વિગેરે.

# મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ભાજપના પરાજય થી નારાજ શિવસેનાએ ચેતવણી ઉચ્ચારી

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ભાજપને મળેલા પરાજય બદલ તેમના સાથી પક્ષ શિવસેનાએ ગંભીર ચેતવણી આપતાં જણાવ્યું હતું કે હવામાં ઉડનારા ગુબ્બારા બહુ સમય સુધી હવામાં રહી શકતા નથી.મહારાષ્ટ્રમાં રાજકીય માહોલ ખતરામાં આવી ગયો છે.સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં કોગ્રેસનો શાનદાર વિજય તો ટ્રેલર છે.અને ભાજપે હવે આખું પિકચર જોવાનું બાકી છે.પાર્ટીએ મુખપત્ર સામનામાં લખ્યું છે કે રાજ્યમાં મજબુત નેતૃત્વ અને જનાદેશના અભાવ છતાં કોગ્રેસ આગળ વધી રહી છે.મોદી લહેરને કારણે પાર્ટીએ લોકસભામાં જીત હાંસલ કરી હતી. પણ ઈતિહાસ કહે છે કે ગુબ્બારા વધુ સમય સુધી હવામાં રહી શકતા નથી.

મહારાષ્ટ્ર ઉપરાંત હિમાચલ પ્રદેશમાં પણ આજ પરિસ્થિતિ બની છે.બિહારમાં જે કાંઈ બન્યું તે અને દિલ્હીમાં મળેલો કારમો પરાજય ખરેખર ભાજપ માટે ચિંતન કરવા માટેનો છે.લોકસભામાં જે મોદી લહેર હતી અને દિલ્હી વિધાનસભામાં જે બન્યું તે તો સપનામાં પણ કલ્પીના શકાય તેવા પરિણામો હતા.હજુ પણ ભાજપ વાર કરશે તો આવનારી ચુંટણીઓમાં ખરેખર ના માની શકાય તેવા પરિણામો આવી શકે છે. ભાજપને શિવસેનાએ છેલ્લા કેટલાક સમયમાં સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી છે પરંતુ ભાજપ હજુ જાગ્યો નથી.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.